ડ્રીમ હેરિટેજ, વેસુ



## વેસુના ડ્રીમ હેરિટેજમાં માટી ધસી પડતા કમ્પાઉન્ટ વોલ તૂટી, કાર લટકી ગઈ

■ ભારે વરસાદના કારણે શહેરના અનેક વિસ્તારોમાં તારાજીની તસવીરો સામે આવી હતી જો કે આ તસવીર જોઈને જ વરસાદની ભયાનકતાનો અંદાજ આવી જાય છે. વરસાદી માહોલમાં વેસુ વિસ્તારમાં આવેલા ડ્રીમ હેરિટેજમાં માટી ધસી પડવાની ઘટના બની હતી. માટી ધસી પડતાં જ રહીશોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. કાર પાર્કિંગનો શેડ દિવાલ સાથે જમીનમાં ગરકાવ થઈ ગયો ગતો. આ સાથે જ પાર્ક કરેલી કાર પડેલા ખાડામાં પડતા પડતા લટકી ગઈ હતી.

સિંગણપોર રોડ



## સિંગણપોર રોડ પર પાણી ભરાતાં યુવાનો ઘોડા પર ફરતા જોવા મળ્યા

કતારગામના સિંગણપોર રોડ પર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. આ જળબંબાકારની સ્થિતિ વચ્ચે સોશિયલ મીડિયા પર એક અનોખો વીડિયો વાયરલ થયો છે, જેમાં કેટલાક સ્થાનીય યુવાનો વાહનો બંધ થઈ જતાં રસ્તા પર ઘોડા સવારી કરતા જોવા મળ્યા હતા. રસ્તાઓ ટાપુમાં ફેરવાઈ જતાં વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો, ત્યારે આ યુવાનોએ પાણીમાંથી પસાર થવા માટે ઘોડાનો સહારો લીધો હતો. આ અદભુત દ્રશ્યો જોઈને આસપાસના લોકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા અને ઘણા લોકોએ પોતાના મોબાઈલમાં આ નજારો કેદ કરી લીધો હતો, જે હાલ ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

આઝાદ નગર, ભટાર



# ધોધમાર વરસાદ વચ્ચે શહેર પોલીસે મોરચો સંભાળ્યો

**પાણીમાં** ફસાયેલા સેંકડો લોકોનું રેસ્ક્યુ કરાયું, ટ્રાફિક જામ હળવો કરવા PI સહિતનો કાફલો ખડેપગે રહ્યો

સુરતઃ અનેક વિસ્તારોમાં કેડસમાણા પાણી ભરાઈ જવાના કારણે હજારો લોકો ઘરોમાં અને રસ્તાઓ પર ફસાઈ ગયા હતા. આ વિકટ પરિસ્થિતિમાં શહેરના વિવિધ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરો અને તેમની જાંબાઝ ટીમોએ મોરચો સંભાળી લીધો હતો. પાણીમાં ફસાયેલા વૃદ્ધો, મહિલાઓ અને બાળકોને સુરક્ષિત સ્થળે ખસેડવા માટે અવિરત રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. ઘૂંટણસમા પાણીમાં ચાલીને પોલીસે અનેક લોકોને બહાર કાઢ્યા હતા, જે દ્રશ્યો જોઈ સુરતીઓએ પોલીસની કામગીરીને બિરદાવી હતી. શહેરમાં બે દિવસથી પડી રહેલા ભારે વરસાદને કારણે શહેરના મુખ્ય રાજમાર્ગો અને સર્કલો પર પાણી ભરાઈ જતા વાહનો બંધ પડી ગયા હતા કિલોમીટરો લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. ટ્રાફિકની આ વિકરાળ સમસ્યાને હલ કરવા માટે ટ્રાફિક પોલીસ તેમજ સ્થાનિક પોલીસ સ્ટેશનનો સ્ટાફ મુશળધાર વરસાદ વચ્ચે રસ્તાની અધવચ્ચે ઊભો રહી ગયો હતો. ટ્રાફિક જવાન અને અધિકારીઓએ જાતે જહેમત ઉઠાવીને બંધ પડેલા વાહનોને ધક્કા મારી રોડની સાઈડમાં કર્યા હતા.

ઉધના મેઈન રોડ



■ ઉધના મેઈન રોડથી લઈ ઉધના વિસ્તારમાં ભારે વરસાદે પાણી પાણી કરી દીધું હતું. મેઈન રોડ પર વરસાદી પાણી ફરી વળતાં પસાર થતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

અલથાણ



■ આફતમાં પણ મોજ પડી ગઈ, ધોધમાર વરસાદના કારણે સોસાયટીઓની અંદર પણ પાણી ભરાયાં હતા. અલથાણની સોસાયટીમાં ભરાયેલા પાણીમાં નાના બાળકો મોજ માણતા કેમેરામાં કેદ થયા હતા.

ગાંધી બાગ, ચોક



■ મુશળધાર અને ધોધમાર વરસાદે શહેરના અનેક વૃક્ષોનું નિકંદન કાઢી નાંખ્યું હતું. તટ સુરતના ગાંધી બાગનું મસમોટું વૃક્ષ ભારે વરસાદમાં ધરાશાયી થયું હતું.



L.P. સવાણી રોડ

■ આ હાલત સવારથી સાંજ સુધી શહેરમાં અનેક વિસ્તારોમાં જોવા મળી રહી હતી. અડાજણના એલપી સવાણી રોડ પર ભરાયેલા વરસાદી પાણીમાં મોપેડ બંધ થઈ જતાં ધક્કા મારવા પડ્યા હતા.

શ્યામ મંદિર, VIP રોડ



■ ડ્રોન કેમેરાથી લેવાયેલી આ તસવીર વેસુ વાઆઈપી રોડ પર શ્યામ મંદિર પાસેની છે, પાણી ભરાતા રસ્તા પર વાહન વ્યવહરા બંધ થયો હતો જ્યારે લોકો ભરાયેલા પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા હતા.

# રસ્તા પર ભરાયેલા પાણી દુકાનોમાં ઘૂસી ગયા, વેપારીઓને નુકસાન

**ઝાપા બજાર,** અડાજણ, પાલ, રાંદેરની અનેક દુકાનોમાં વરસાદી પાણી ફરી વળ્યાં

સુરતઃ સુરતમાં સામાન્ય રીતે આવા દ્રશ્યો પૂર સમયે જોવા મળતા હોય છે. રસ્તા પર તો વરસાદી પાણી ભરાતા જ હોય છે પરંતુ આ વર્ષના પહેલા જ મુશળધાર વરસાદનું પાણી દુકાનોમાં ઘૂસી ગયા હતા. ઝાપાબજાર બદરી રોડ પર આવેલી દુકાનમાં વરસાદી પાણી ઘૂસી ગયા હતા જ્યાં બીજી તરફ પાલનપુર ગામ રોડ પર આવેલી દુકાન પણ પાણીમાં ગરકાવ થયેલી તસવીરમાં જોઈ શકાય છે. આ ઉપરાંત અડાજણમાં પ્રાઇમ આર્કેડમા અંડરગ્રાઉન્ડમા સો દુકાનોને નુકસાન, ગોલ્ડન પ્લાઝામા દુકાનોમા પાણી ઘૂસ્યા, સિલ્વર પ્લાઝા શ્રીરામ પેટ્રોલ પંપ સામે આનંદ મહેલ પાસે અંડરગ્રાઉન્ડ પાણી ઘૂસ્યા હોવાની વિગતો જાણવા મળી છે. રંગીલા સર્કલ ગંગેશ્વર મહાદેવથી ડીમાર્ટ તરફ તથા મહાલક્ષ્મી મંદિર પાસે દુકાનોમા ભારે નુકસાનની વિગતો જાણવા મળી છે. ગુજરાત હાઉસિંગ બોર્ડ રામનગરમા ઘરોમાં અને દૂકાનોમા પાણી ઘૂસ્યા હોવાની વિગત જાણવા મળી છે.



ઝાંપાબજાર, બદરી રોડ

સહારા દરવાજા



■ કાયમ માટે ટ્રાફિકથી ભરચક રહેતો સુરતનો સહારા દરવાજાનો વિસ્તાર આજે પાણીથી ભરચક થઈ ગયો હતો. દેખાતી તસવીરમાં સહારા દરવાજાના ગરનાળામાં ભરાયેલું પાણી રેલવે ટ્રેકના બ્રિજ સુધી પહોંચી જતું દેખાઈ રહ્યું છે, તેના પરથી પાણી કેટલું ભરાયું હશે તે સમજી

વિવેકાનંદ ટાઉનશિપ, પાલનપુર ગામ રોડ

